# -: દાઅવતે હક્ક અને સૈયેદના અલી (ક.રૂ.) :-

આ હક્કની ઈબ્દાઈ દાઅવતનો સિલસિલો આજે પણ હમને જિસ્મના ખોલીયા માંથી નીકાલીને હમારી શરીઅત મુજબના આઅમાલને સૂરત બખ્શીને હમને નજાતના રસ્તાથી કુદસના કાંઠે પહોંચાવવા આ સરઝમીન પર કાઈમા-દાઈમા અને જારીયા-સારીયા છે. અલ્લાહના હુજ્જત આ ઝમીનના ગોલા પર અને આસ્માનોને નીચે, ઝાહિરમાં યા બાતિનમાં મૌજૂદ હોય છે. કુરઆને કરીમમાં ઈરશાદે રબ્બાની છે કે, આ સુન્નતે ઈલાહી ઘણા દૌરથી ચાલતી આવેલી છે જેમાં કોઈ પણ તબ્દીલી યા ફેરફારની ગુંજાઈશ નથી અને ઝમીન પર અલ્લાહતઆલાના હુજ્જતના આ બલંદ મકામના મુકાબલા પર એક મુજરિમ-શયતાન-ઈબ્લીસ ઝરૂર મૌજૂદ હોય છે, જે શર-બદી તરફ લોગોને બેહકાવે છે જેની બુનિયાદ જૂઠ અને મકરબાઝી પર હોય છે.

મૌલાના ઈમામ તૈયેબ (અ.સ.) ના ઈસ્તેતાર - સતરમાં ગયા બાદ દોઆતે મુત્લકીનના ઝમાનમાં પણ દાઅવતે હાદીયાહની મઝબૂત બુનિયાદને ખોખલી બનાવવા ઘણા એવા મરહલાઓ અને હમલાઓ થયા પણ અલ્લાહતઆલાએ દાઅવતને ઝિક્ર-હિદાયતના સાયામાં નાઝિલ કીધેલી છે અને હિફાઝતનો બેડો પણ અલ્લાહે જ લીધેલો છે અને **કયામતના દિન તક આ ઝિક્ર, આ કિતાબ, આ સિરાજુમ્મુનીર અને અલ્લાહના કલેમાતનું ઇલ્મ તમામ હાલાતની શિદ્દતના બાવુજૂદ બાકી રહેનાર છે.** આ દાઅવતે હક્કના સિલસિલાને તોડવા વાસ્તે શદીદ નાપાક સાઝિશો થઈ અને નસ્સને તોડવાના બેહિસાબ પેંતરા અને બનાવટો થઈ પણ અલ્લાહતઆલાએ આ તમામ સદમાઓને ટાલી દીધા અને દાઅવતે હક્ક તેમજ મુમેનીનની હિદાયતનું મરકઝ આજે પણ બાકી છે અને એની સરઝમીન આલે મોહંમદ (સ.અ.) ના સબબ આજે પણ સરસબ્ઝ અને શાદાબ છે.

**કયામતના દિન તક આ ઝિક્ર, આ કિતાબ, આ સિરાજુમ્મુનીર અને અલ્લાહના કલેમાતનું ઈલ્મ તમામ હાલાતની શિદ્દતના બાવુજૂદ બાકી રહેનાર છે.**

દોઆતે મુત્લકીન (આ.કુ.) ના સિલસિલાના પહેલા શહીદે આઅલા સૈયેદના વ મૌલાના અલી શમ્સુદ્દીન બિન ઈબ્રાહીમ (ક.રૂ.) આપના એક રિસાલામાં ફરમાવે છે કે, "મારી વિલાદતને વક્ત મારા જદ્દે અમજદ દાદાજી સૈયેદના શૈખ આદમ સફીયુદ્દીન સાહબ (ક.રૂ.) એ ફરમાવું હતું અને આપ હરવક્ત ફરમાવતા કે, અલ્લાહે મારા આ પોતા મીયાઁ અલીની વિલાદતથી મારી આઁખને ઠંડી કીધી છે." આપ સૈયેદના અલી (ક.રૂ.) નસ્સે જલી બિન ખફીથી ૨૯ માં દાઈએ મુત્લક કરાર પાયા તે વક્ત આપે સાહેબે બલાગત વલ ફસાહત અશ-શૈખ શમ્સુદ્દીન બિન અશ-શૈખ અલી રઈસ બિન અશ-શૈખ હસન, જે આપના હમરાઝ હતા, એને એક ખત લખીને ફરમાવું કે, હમારા ખંભા અને હમારા ખુલાસા જદ્દે બુઝુર્ગવાર સૈયદના શૈખ આદમ સફીયુદ્દીન સાહબ આ દારે ફાનીમાંથી હરગિઝ નથી ગુઝરા પણ ૩ રજબ ૧૦૩૦ હિ.માં દાઅવતના મશાઈખ-ફોઝલા અને આપના મદ્રસાના તલેબત અને બેશુમાર હાઝેરીનને દરમિયાન કે જેમાં મૌલાઈઓ ઈબ્રાહીમ બિન શૈખ મોહંમદ, મોહંમદજી બિન ખાનજી, ખાનજી બિન મોહંમદખાન, અમીનજી બિન જલાલ, અલી મોહંમદ બિન દાઊદ, કાસિમજી બિન ફીર, તૈયેબજી બિન સૈયદના દાઉદજી કુતુબશાહ, યાઅકૂબ બિન નિઝામ દખ્ખની, શાહૂજી બિન દાઊદ, સૈયેદના ને નઝદીક હાઝિર હતા તે વક્ત આપે ફરમાવું કે, **"અય લોગો, જાણો કે મેં જે કઇ મારા સર પર નસના તાજના બોઝને મારા આ મીયાઁ અલી પર મુકો છે એને મારા બાઇઝ્ઝત મકામ પર નસબ કરીને ત્રણ જઝીરાના માલિક કીધા છે."** સૈયેદના અલી (ક.રૂ.) ફરમાવે છે કે, આપ સૈયેદના સફીયુદ્દીન સાહબ (ક.રૂ.) મારા તરફ મોતવજ્જેહ થયા અને દાઅવતના ઊમૂરની નસના અલ્ફાઝ દોબારહ દોહરાવા અને મસ્નદે ઈમામીના માલિકો મુખ્તાર કીધા. આપે ફરમાવું કે, "આ યાઅકૂબ બિન નિઝામ હુશિયાર અને સમઝદાર શખ્સ છે, જે દખ્ખનના શહેરોમાં હમારા અમરથી દાઅવતના કારોબારને લઈ ઉઠા છે, તો આપ અય મીયાઁ અલી, દાઅવતના કિતાબોની તમામ દિરાસતથી ફૈઝયાબ કરો જેનાથી એના અખ્લાક-કિરદાર થી દખ્ખનના ઈલાકાને તૈયેબી દાઅવતના અકીદાઓથી મઝબૂત કરે." મેં ફૌરન સૈયેદનાના આ અમરને લઈ ઉઠો અને શુક્રના સજદા બજા લાવો કે સૈયેદના એ મને આ અમરે ખુસૂસી વાસ્તે કાબિલ સમઝો, અને આ કલામ પણ તમામ હાઝેરીન લોગોએ સાંભલા. સૈયેદના સફીયુદ્દીન સાહબના ફઝલો એહસાનને તેમજ જૂદો કરમને તમામ તસ્લીમ કરવા લાગા કે સૈયેદનાએ હમારી આખેરત સુધારી દીધી. તે વક્ત આપ સાહબને દરમિયાન આપના બેવે જમાઈઓ મીયાઁ હસનખાન બિન અલીખાન અને મીયાઁ ફીરજી બિન મામજી મુમેનીનના મજમાઅમાં હાઝિર હતા અને તે વક્ત મીયાઁ હસનખાનને રાજપૂરની પોલમાં ઝોહરની નમાઝ પઢાવવા વાસ્તે રઝા આપી અને તાલિબે ઈલ્મોને દાઅવતના કિતાબોના સબક આપવા તે જગા પર રવાના કીધી. ૪ થી તારીખ, તે જ રજબ મહીનાની નિસ્ફિલ્લૈલની નમાઝ બાદ ચાઁદજી બિન અબુજીને આપના જમાઈ મીયાઁ હસનખાન ને તલબ કરવા રવાના કીધા. અને જે વક્ત એ પધારા અને આપની હઝરતે આલીયાહમાં બેસા તો દોબારહ સૈયેદના અલી પર નસ્સે જલીના જે અલ્ફાઝ આપે અદા ફરમાવા હતા તે દોહરાવા અને હુકમ ફરમાવો કે, "અય હસનખાન, તમેં દાઅવતના ઊમૂર લોગોમાં નાફિઝ કરવામાં અને સાહેબે દાઅવતને મદદ કરવામાં હમેશા મુસ્તઈદ્દ અને તૈયાર રહેજો કેમ કે, હું સાંભલું છું કે તમેં હર હુકમની ઈતાઅત કરો છો તેથી **મારી વફાત બાદ તમને જે ફરમાન થાય એને સમઅન-વ-તાઅતન બજાવી લાવજો અને સાહેબે અમ્રના હુકમને હરગિઝ રદ ન કરજો.** તે બાદ સૈયદના સફીયુદ્દીન સાહબ (ક.રૂ.) એ રસૂલુલ્લાહ બાવાજી (સ.અ.વ.વ.) ના ઝમાનનો કિસ્સો સંભલાવો, કે નબીયુલ્લાહ મોહંમદ (સ.અ.વ.વ.) એ હજરે અસ્વદને તેના મકામમાં એકલા હાથે હરગિઝ ન મુકો પણ આપે આપની કબા શરીફને ઝમીન ઉપર ફેલાવી અને આપના દસ્તે મુબારકથી હજરે અસ્વદને દરમિયાનમાં મુકો અને જે લોગો ત્યાં હાઝિર હતા એ તમામને ઉચકવાનો અમર ફરમાવો અને આખિરમાં આપની ઝાતે શરીફથી એના મકામે આઅલાની જગા પર નસબ કીધો. આ જ મુજબ અય હસનખાન, **દાઅવતના અમરમાં ઝાહિરમાં અને બાતિનમાં મદદ અને નુસ્રત કરજો.** તે બાદ આપે નસના ખોટા દાવેદાર શખ્સના બાબતમાં તેની જિસ્માની હાલાત અને દીગર નાઅહલીયત-નાકાબિલીયતની તૌબીખો મઝમ્મત ફરમાવી.

**મારી વફાત બાદ તમને જે ફરમાન થાય એને સમઅન-વ-તાઅતન બજાવી લાવજો અને સાહેબે અમ્રના હુકમને હરગિઝ રદ ન કરજો.**

દાઅવતે હાદીયાહના ઝખીરામાં દોઆતોમાં એક જ શહીદે આઅલા સૈયેદના અલી (ક.રૂ.) ની નસના ઈસ્બાત અને સેહત વાસ્તે હજી બયાનોના ઘણા નુકાત બાકી છે અને ૨૮ માં દાઈએ મુત્લક સૈયેદના શૈખ આદમ સફીયુદ્દીન (ક.રૂ.) અને આપના હુદૂદો-ફોઝલાને દરમિયાન ૨૯ માં દાઈએ મુત્લકની કાઈમ-મકામી અને આપની અહલીયત-કાબિલીયત ના સિલસિલામાં ઘણી ગુફતગૂ અને મુકાલેમા મન્કૂલ થયેલા છે. જેને ઈન્શાઅલ્લાહ વક્તન-ફ-વક્તન મૌકા-દર-મૌકા કારેઈને હાદી ની ખિદમત પેશ કરતા રહીશું. કારેઈનને ખયાલે શરીફમાં રહે કે, અલ્લાહે અંબિયાના ઝુમ્રામાં ચંદને બીજા ઉપર ફઝીલત અતા કીધી છે તે મુજબ જ વસીઓ-ઈમામો-દોઆતના મરાતિબે આલીયાહ અને દરજાતે સામીયાહમાં મુસાવાત રાખીને બાઝને બાઝ ઉપર ઈન્ફેરાદીયત અને ખુસૂસીયત બખ્શેલી છે. તે જ સબબ આ આલમે દીનના ૯ મરતબાઓમાં મુમેનીનને વાસ્તે બાઝ સાહેબે રૂત્બાએ ઝબાનની શીરીની-ફસાહતથી, બાઝે અશ્આરની કુવતથી, બાઝે ઈલ્મની ગુથ્થીઓ ફાડીને અને ઉકદાઓને હલ કરીને, બાઝે દુશ્મનોને તૈગે શહવારની તાકાતથી ઝૈર કરીને અને બાઝે પોતાની હયબત અને જલાલ તેમજ રોઅબો કમાલથી ઝમાનમાં આ ઈબ્દાઈ દાઅવતની ખિદમત અદા કીધી છે અને અલ્લાહતઆલાનું અદલનું મીઝાન કાઈમ રહે તે વાસ્તે મુઠ્ઠીભર સાહેબે મરતબા શહાદતના મકામે આઅઝમને પહોંચેલા છે અને જિંદઓ જાવૈદ થયેલા છે. ★